ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
મંગળવાર ૧૦ માર્ચ, ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!



પાથરી ગામનો ચબૂતરો

# પ્રકૃતિની ગોદમાં વસેલું અને વિકાસ તરફ દોટ માંડતું ગણદેવી તાલુકાનું ગામ

ટાઉન ટોક

# પાથરી



શાહેરોની ચમકદમક, અવાજ અને અવિરત દોડધામથી દૂર, જ્યાં સવાર પક્ષીઓના કલરવથી શરૂ થાય છે, હવામાં માટીની મીઠી સુગંધ ભળી હોય છે અને લોકોના જીવનમાં સાદગી સાથે સંતોષ વસેલો હોય એવું જ એક પ્રેરણાદાયી ગામ છે નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં આવેલું પાથરી. અંબિકા નદીના કિનારે વસેલું આ ગામ કુદરત, સંસ્કાર અને વિકાસનો સુંદર સમન્વય રજૂ કરે છે. પરંપરાને જાળવી રાખતાં આધુનિકતાની દિશામાં આગળ વધતું પાથરી આજે ગ્રામ વિકાસનું જીવંત મોડેલ બની રહ્યું છે. પાથરી ગામનું વાતાવરણ શાંત, સ્વચ્છ અને પ્રકૃતિમય છે. ચારેબાજુ લીલાછમ ખેતરો, ફળોના બગીચાઓ, પવનમાં લહેરાતાં વૃક્ષો અને પ્રદૂષણમુક્ત હવા ગામના જીવનને તાજગી અને સ્વાસ્થ્ય આપે છે. અહીં લોકો કુદરત સાથે તાલમેલમાં જીવન જીવે છે. તાજું અને પૌષ્ટિક ખોરાક, સ્વાભાવિક જીવનશૈલી અને માનસિક શાંતિ અહીંના લોકોના સંતુલિત જીવનનું રહસ્ય છે. ગામના લોકો વચ્ચેનો સ્નેહ અને પરસ્પર સહકાર પાથરીને માત્ર વસાહત નહીં, પરંતુ એક મોટા પરિવારનું સ્વરૂપ આપે છે. ગામમાં આશરે 365 પરિવાર વસે છે અને કુલ વસતી લગભગ બે હજાર જેટલી છે. પુરુષો અને મહિલાઓનું સંતુલિત પ્રમાણ ગામના સુસ્થ સામાજિક માળખાનું પ્રતિબિંબ છે. પીવાનું શુદ્ધ પાણી, પાકા રસ્તા, વીજળી અને અન્ય મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી ગામનું જીવન સુવ્યવસ્થિત અને સુખાકારી તરફ આગળ વધી રહ્યું છે. ગણદેવી શહેર નજીક હોવાથી આરોગ્ય સેવાઓ અને ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમનું શિક્ષણ પણ સરળતાથી ઉપલબ્ધ થાય છે. પાથરીનો ઈતિહાસ માનવતા અને સહઅસ્તિત્વની સુંદર ગાથા કહે છે. પહેલા આ ગામ ગ્રુપ પંચાયત હેઠળ આવતું હતું. પરંતુ 1968માં અંબિકા નદીમાં આવેલા વિનાશક પૂર પછી અન્ય ગામોના બેઘર થયેલા પરિવારોને અહીં આશ્રય આપવામાં આવ્યો. આ માનવતાભર્યા નિર્ણયને કારણે ગામની વસતી વધી અને ત્યારબાદ સ્વતંત્ર પાથરી ગ્રામ પંચાયતની રચના થઈ. ગામના પ્રથમ સરપંચ મોરારભાઈ યુ. પટેલે ગામના સર્વાંગી વિકાસ માટે મજબૂત પાયો નાંખ્યો, જેના પરિણામે પાથરી આજે પ્રગતિના માર્ગે સતત આગળ વધી રહ્યું છે. ગામનો કુલ વિસ્તાર આશરે 571 હેક્ટર છે, જેમાંથી લગભગ 440 હેક્ટર જમીન ખેતી હેઠળ છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ચીકુ અને કેરીના બગીચાઓ ગામની ઓળખ બની ગયા છે, જ્યારે શેરડી, શાકભાજી, કેળા, દાડમ, ડ્રેગન ફ્રૂટ અને વિવિધ કંદમૂળોનું ઉત્પાદન પણ થાય છે. કેટલાક ખેડૂતો ડાંગરની ખેતી પણ કરે છે. નવી પેઢી ખેતી સાથે નોકરી અને અન્ય વ્યવસાયોમાં પણ આગળ વધી રહી છે, જે ગામના બદલાતા સમય સાથેના સંકલનને દર્શાવે છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને આધુનિક અને વૈજ્ઞાનિક ખેતી અંગે તાલીમ આપવામાં આવે છે. ચીકુ અને કેરીના પાક માટે સમયાંતરે સેમિનાર અને માર્ગદર્શન કાર્યક્રમો યોજાય છે. કેટલાક પ્રગતિશીલ ખેડૂતો ઓર્ગેનિક ખેતી અપનાવીને પર્યાવરણમિત્ર ખેતી તરફ આગળ વધી રહ્યા છે. આ પ્રયત્નો ગામને આર્થિક રીતે મજબૂત બનાવી રહ્યા છે. ગામના વિકાસમાં ગ્રામ નેતૃત્વ અને જનસહભાગિતાનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. પૂર્વ અને હાલના સરપંચોના પ્રયાસોથી પાથરી સ્વચ્છતા ક્ષેત્રે આગળ આવ્યું છે. સરકારના અભિયાન હેઠળ દરેક ઘરમાં શૌચાલયની સુવિધા ઊભી થતાં ગામ ખુલ્લામાં શૌચમુક્ત બન્યું છે. સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિ ગામના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી છે. સામાજિક સુરક્ષા માટે ગામમાં દીનદયાળ સસ્તા અનાજની દુકાન કાર્યરત છે, જે ગણદેવી ખેડૂત સહકારી મંડળી દ્વારા સંચાલિત થાય છે. આ વ્યવસ્થા દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને અનાજ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ થાય છે. આ પ્રકારની વ્યવસ્થાઓ ગામના સામૂહિક સહકાર અને સામાજિક જવાબદારીની ભાવનાને મજબૂત બનાવે છે. આજે પાથરી માત્ર એક સામાન્ય ગામ નથી, પરંતુ પરંપરા અને પ્રગતિ વચ્ચેનું સંતુલન જાળવતું એક આદર્શ ગ્રામ્ય મોડેલ છે. અહીં પ્રકૃતિની શાંતિ છે. સાચા અર્થમાં, પાથરી એ એવી ધરતી છે જ્યાં હરિયાળી માત્ર ખેતરોમાં નહીં, લોકોનાં દિલોમાં પણ લહેરાય છે. જ્યાં વિકાસ માત્ર રસ્તા અને મકાનોમાં નહીં, પરંતુ લોકોના જીવનમાં, વિચારમાં અને સંસ્કારમાં દેખાય છે.

## એકતા છે તો વિકાસ છેઃ પાથરીમાં સમાજોની સંગઠિત શક્તિનું સુંદર ઉદાહરણ

આશરે બે હજારની વસતી ધરાવતું પાથરી ગામ વિવિધ સમાજોની સહઅસ્તિત્વ અને સૌહાર્દની જીવંત મિસાલ છે. ગામમાં મુખ્યત્વે કોળી પટેલ સમાજની વસતી છે, જ્યારે સાથે સાથે હળપતિ, હરિજન અને આહીર સમાજના પરિવારો પણ વર્ષોથી અહીં વસવાટ કરીને ગામના જીવનમાં પોતાનો ફાળો આપી રહ્યા છે. ભલે સમાજ જુદા હોય, પરંતુ ગામની લાગણી એક છે. સુખ હોય કે દુઃખ, તહેવાર હોય કે વિકાસનાં કાર્યો તમામ લોકો એક પરિવારની જેમ સાથે ઊભા રહે છે. આ જ એકતા અને સંકલ્પના બળે ગામમાં શાંતિ, સમરસતા અને સતત વિકાસનો માર્ગ તૈયાર થયો છે. પાથરીમાં વૈવિધ્ય માત્ર વસતી નથી, પરંતુ એકતામાં શક્તિ અને પ્રગતિનું પ્રેરણાદાયી મોડેલ બની રહ્યું છે.




## પાથરીમાં ધબકે છે સંસ્કૃતિનું જીવંત હૃદય

પાથરી ગામનું જીવન માત્ર રોજિંદી વ્યવહાર પૂરતું નથી, પરંતુ અહીં ભક્તિ, સંસ્કાર અને ઊર્જાથી ભરેલું એક જીવંત સાંસ્કૃતિક ધબકાર અનુભવાય છે. ગામમાં મંદિરો અને પ્રસંગોએ ભજન-કિર્તનની પરંપરા આજે પણ એટલી જ ભાવભીની રીતે જળવાઈ રહી છે. એક સમય એવો હતો, જ્યારે ગામના જગુભાઈ યુ.પટેલ ભજનિક તરીકે ભક્તિરસ વહેંચતા. નરસિંહ મહેતા અને મીરાંબાઈના પદો તબલાંની મધુર તાલ અને મંજીરાની રમઝટ સાથે ગૂંજતા, ત્યારે આખું ગામ ભક્તિના રંગમાં તરબોળ થઈ જતું. સાંસ્કૃતિક ક્ષેત્રે પણ પાથરીએ પોતાની આગવી ઓળખ બનાવી છે. ગામનું ગરબામંડળ પોતાના લય, તાલ અને શિસ્તબદ્ધ પ્રસ્તુતિઓના કારણે વલસાડથી લઈને સુરત સુધી ખ્યાતિ પામ્યું છે. નવરાત્રિના દિવસોમાં ગામમાં માત્ર ઉત્સવ નહીં, પરંતુ એકતા, આનંદ અને પરંપરાનો અનોખો મેળો સર્જાય છે. રમતગમત ક્ષેત્રે પણ પાથરીના યુવાનોનો જુસ્સો પ્રશંસનીય રહ્યો છે. ખાસ કરીને કબડ્ડી રમતમાં ગામ તાલુકા સ્તરે અગ્રેસર રહ્યું છે. નિવૃત્ત શિક્ષક રવિન્દ્રભાઈ કે. પટેલ રાજ્ય કક્ષાના કબડ્ડી ખેલાડી તરીકે ગામનું નામ ગૌરવભેર ઊંચું લઈ ગયા છે. આ રીતે પાથરીમાં ભજનની શાંતિ, ગરબાની ખુશી અને ખેલની તાકાત–ત્રણેય મળીને એવી જીવનશૈલી રચે છે, જ્યાં પરંપરા જીવંત છે, સંસ્કાર શ્વાસમાં છે અને ગામની આત્મા સતત ધબકતી રહે છે.


## સહકારી મત્સ્યોદ્યોગથી પાથરીને મળી વિકાસની નવી દિશા




પાથરી ગામનું વિશાળ તળાવ માત્ર પાણીનો સ્ત્રોત નથી રહ્યું, પરંતુ એક સમય એવો આવ્યો જ્યારે તે ગામની આર્થિક સમૃદ્ધિનું મજબૂત આધાર બની ગયું હતું. મોરારભાઈ પટેલ સરપંચ તરીકે કાર્યરત હતા ત્યારે ગ્રામ પંચાયતે આવકના નવા સાધન તરીકે તળાવમાં સહકારી ધોરણે મત્સ્યોદ્યોગ શરૂ કરવાનો દુરંદેશી નિર્ણય લીધો હતો. આ નવતર પહેલે ગામને સ્વાવલંબન તરફ આગળ ધપાવ્યું હતું. તળાવમાં રૂહ, કટલા, મૃગળ અને ઝીંગા જેવી વિવિધ પ્રજાતિની માછલીઓનું વૈજ્ઞાનિક રીતે ઉત્પાદન કરવામાં આવતું હતું. આ પ્રયોગને સફળ બનાવવા માટે નવસારી કૃષિ યુનિવર્સિટીના મત્સ્યોદ્યોગ વિભાગે તકનીકી માર્ગદર્શન અને જરૂરી સહયોગ પૂરો પાડ્યો હતો. પાથરીનો આ અનોખો પ્રોજેક્ટ રાજ્ય બહાર પણ ચર્ચાનો વિષય બન્યો હતો અને તેની કામગીરીનો અભ્યાસ કરવા દિલ્હીથી વિશેષ નિષ્ણાતોની ટીમ પણ અહીં આવી હતી. મત્સ્યોદ્યોગથી ગ્રામ પંચાયતને આર્થિક આવક મળતા ગામના વિકાસકાર્યોને નવી ગતિ મળી હતી.

## ગામના ભવિષ્યને મળી શિક્ષણની પાંખ

શિક્ષણ એ માત્ર અભ્યાસ નથી, પરંતુ જીવન બદલવાની શક્તિ છે. આ શક્તિ દરેક બાળક સુધી પહોંચે અને ગામની નવી પેઢી આત્મવિશ્વાસ સાથે આગળ વધે તે માટે ગજરાબેન શિક્ષણ ફંડ-ચાંગા પાથરી એક પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યું છે. શિક્ષણ પ્રત્યે રસ, લગાવ અને સ્પર્ધાત્મક ભાવના વધે એ માટે ફંડ દ્વારા નિયમિત રીતે માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવે છે. ખાસ કરીને ધોરણ-10 અને 12ના વિદ્યાર્થીઓ માટે પ્રેરણાત્મક સત્રો યોજી તેમને પરીક્ષાની તૈયારી, સમય વ્યવસ્થાપન અને કારકિર્દી અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. બોર્ડ પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર, સ્મૃતિચિહ્ન, નોટબુક અને ઉપયોગી અભ્યાસ કિટ આપી સન્માનિત કરવામાં આવે છે, જેથી તેમના મનોબળમાં વધારો થાય અને અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રેરણા મળે. આવા સતત પ્રયાસોના પરિણામે ગામમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિનો સારો માહોલ સર્જાયો છે અને આજે ગામના લગભગ 88 ટકા લોકો શિક્ષિત છે. ગજરાબેન શિક્ષણ ફંડ ગામમાં માત્ર સહાયનું કાર્ય નથી કરતું, પરંતુ નવી પેઢીનાં સપનાંને સાકાર કરવાની અને સમગ્ર ગામને પ્રગતિના માર્ગે દોરી જવાની એક સશક્ત ચળવળ બની ગયું છે.



દરગાહ



આંબાની વાડી

## આઝાદીની લડતથી સરહદની સુરક્ષા સુધી, પાથરી ગામની દેશભક્તિની ગૌરવગાથા

પાથરી ગામ દેશપ્રેમ અને રાષ્ટ્રસેવાના ગૌરવસભર ઈતિહાસ માટે ઓળખાય છે. દેશની આઝાદીની લડતમાં ગામે પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ગામની અંબિકા કોલોનીમાં રહેતા લલ્લુભાઈ ભગવાનજી પટેલે સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લઈ રાષ્ટ્રપ્રેમની અનોખી મિસાલ મૂકી હતી. તેમના ત્યાગ અને સમર્પણથી ગામનું નામ ગૌરવ સાથે જોડાયું છે. આ જ દેશસેવાની પરંપરાને આગળ વધારતા પાથરી ગામના પ્રથમ સરપંચ મોરારકાકાના પુત્ર રણજીત પટેલે ભારતીય સેનામાં જોડાઈ દેશની સરહદોની સુરક્ષા માટે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી હતી. લાંબા સમય સુધી સૈન્યસેવા આપ્યા બાદ તેઓ સન્માનપૂર્વક નિવૃત્ત થયા છે. એક તરફ આઝાદીની લડતનો ત્યાગ અને બીજી તરફ સીમા પરની સેવા, પાથરી ગામની આ ગાથા નવી પેઢી માટે દેશપ્રેમ, ફરજ અને સમર્પણની પ્રેરણારૂપ બની રહી છે.